**અનુસૂચિત જાતિ ,જનજાતિ અત્યાચાર નિવારણ ધારા-૧૯૮૯ના અસરકારક અમલ માટે જિલ્લા-તાલુકા કક્ષાએ તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અહલ/૧૨૨૦૧૩/૩૪૦૨૭૨/છ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૧૦ /૨/૨૦૧૬

**વંચાણે લીધા:-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૪/૯૦નો ઠરાવ ક્રમાંક:હસલ/૧૩૮૯૫૦૧/છ
(૨) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૮/૧૧/૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક: જી.એસ.આર.૭૨૫(ઇ)
(૩) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૫/૧૧/૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક: જી.એસ.આર.૭૭૪(ઇ)

**ઠરાવ:-**

અનુસૂચિત જાતિ/જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ધારાના અસરકારક અમલ માટે રાજ્ય સરકારે જિલ્લા ,તાલુકા તથા શહેરી(મ્યુ.કોર્પો.વિસ્તાર માટે)તકેદારી સમિતિની રચના આ વિભાગના આમુખ(૧)મા જણાવેલ તા.૨૫/૪/૧૯૯૦ના ઠરાવથી કરવામા આવેલ છે.આ ઠરાવથી કરવામા આવેલ હુકમો અનુસાર મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને તાલુકા તકેદારી સમિતિની રચના કરવામાં આવેલ છે.

આમુખમાં દશાવેલ ક્રમાંક(૧) અને (૨)ની અધિસૂચનાથી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ હેઠળના નિયમો ૧૯૯૫મા સુધારાઓ કરેલ છે, જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા પ્રાંત સ્તરે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટના અધ્યક્ષસ્થાને તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના અંગેના હુકમો આ વિભાગના તા.૨૮/૧/૨૦૧૬ના ઠરાવથી કરવામા આવેલ છે,જે ધ્યાને લઇ તાલુકા કક્ષાએ મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ તકેદારી સમિતિ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ઉપર આમુખ-૧માં દર્શાવેલ તા.૨૫/૪/૧૯૯૦ના ઠરાવથી તાલુકા સ્તરે મામલતદાર કક્ષાએ રચવામાં આવેલ તકેદારી અને મોનીટરીંગ સમિતિ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

11 FEB 2016

(જગદીશ ખડીયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નામ. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સર્વણિમ સંકુલ,સચિવાલય,ગાંધીનગર.

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.

સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સર્વણિમ સંકુલ સચિવાલય,ગાંધીનગર.

સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સર્વણિમ સંકુલ સચિવાલય,ગાંધીનગર.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ

સર્વે જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશનરશ્રીઓ

સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વર્ગ-૧)

સર્વે નાયબ નિયામકશ્રી(તકેદારી)વર્ગ-૧ (સર્વે ઝોન)

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ

સચિવાલયના અન્ય સર્વે વિભાગો

વિભાગની સર્વે શાખાઓ

પસંદગી ફાઇલ